For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




### રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના અધ્યક્ષસ્થાને ૭૫મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો

# ૩૦ તેજસ્વી વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરાયા

**ગોલ્ડ** મેડલ પ્રાપ્ત કરનારમાં દીકરીઓની નોંધપાત્ર સંખ્યાને રાષ્ટ્રપતિએ બદલતા ભારતની ઉજ્જવળ તસવીર ગણાવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષસ્થાને 75મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રપતિના હસ્તે 30 તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. ઉપરાંત 229 પીએચ.ડી., 2,857 પીજી, 657 પીજી ડિપ્લોમા અને 8,814 યુજી સહિત કુલ 12,557 વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરાઈ હતી.

રાષ્ટ્રપતિએ પદવી તથા સુવર્ણચંદ્રક મેળવનારા વિદ્યાર્થીઓ, માતા-પિતા અને અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા. સુવર્ણચંદ્રક મેળવનારી દીકરીઓની નોંધપાત્ર સંખ્યાને બદલાતા ભારતની ઉજ્જવળ તસવીર ગણાવી મહિલા સશક્તિકરણની ભૂમિકા બિરદાવી હતી. તેમણે મહારાજા સયાજીરાવ ગાયકવાડના દુરંદેશી વિઝન અને યુનિવર્સિટીના ઐતિહાસિક યોગદાનની પ્રશંસા કરી હતી. ગુજરાતની ધરતી સ્વતંત્રતા સંગ્રામ, સામાજિક સુધારા, સહકારિતા અને ઉદ્યોગસાહસિકતામાં દેશને નવી દિશા આપનારી રહી હોવાનું જણાવ્યું હતું.

યુવાનોને જ્ઞાનનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે કરવાની અપીલ કરતાં રાષ્ટ્રપતિએ આત્મચિંતન કરવા જણાવ્યું હતું. નિષ્ફળતા અંત નહીં, પરંતુ ચિંતન કરી વધુ મજબૂતીથી આગળ વધવાની તક છે. સફળતા બાદ માતા-પિતા, શિક્ષકો અને સમાજના યોગદાનને ભૂલવું નહીં તથા પાછળ રહી ગયેલા લોકોને સાથે લઈ આગળ વધવું એ સાચી માનવતા હોવાનું તેમણે જણાવ્યું હતું. **તેમણે યુવાનોને દેશના વિકાસમાં પોતાની પ્રતિભા, ઊર્જા અને જ્ઞાનનો સકારાત્મક ઉપયોગ કરવા તેમજ જવાબદાર નાગરિક તરીકે સમાજ પ્રત્યેની ફરજ નિભાવવાની પણ હાકલ કરી હતી. સમારોહમાં ચાન્સેલર શુભાંગીની રાજે ગાયકવાડે પદવીદાન સમારોહ ખુલ્લો મૂક્યો હતો, જ્યારે વાઈસ ચાન્સલર ડો. ભાલચંદ્ર ભણગેએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. પ્રસંગે મંત્રી ત્રિકમભાઈ છાંગા, રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, વડોદરા કલેક્ટર સહિત યુનિવર્સિટીના પદાધિકારીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૦ ગોલ્ડ મેડલ મેળવવા સાથે અભ્યાસ અને રમતગમતનું સંતુલન જાળવ્યું



MBBS દરમિયાન સર્જરી, પીડિયાટ્રિક્સ, મેડિસિન સહિત વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મને કુલ 10 ગોલ્ડ મેડલ મળ્યા છે. સમગ્ર MBBSમાં પ્રથમ ક્રમે આવી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે મેડલ મેળવવાની તક મારા માટે ગૌરવની વાત છે. ડોક્ટર બનવાનું બાળપણનું સપનું હતું. NEETમાં સારો રેન્ક મેળવી બરોડા મેડિકલ કોલેજમાં પ્રવેશ બાદ પણ ક્રિકેટ અને અન્ય રમતોમાં સક્રિય રહ્યો. અભ્યાસ સાથે સ્પોર્ટ્સ, ક્વિઝ અને અન્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો. – **હર્ષ ચોકસી**

### દરરોજ ૭થી ૮ કલાક અભ્યાસ કરી ટેક્સેશનમાં ૫ ગોલ્ડ મેડલ મેળવ્યા



ફેકલ્ટી ઓફ કોમર્સમાંથી ટેક્સેશન વિષયમાં એમ.કોમ દરમિયાન મને 5 ગોલ્ડ મેડલ મળ્યા છે. રાષ્ટ્રપતિના હસ્તે મેડલ મેળવવો મારા માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. માતા-પિતા અને પરિવારનો સતત સહયોગ મળ્યો. દરરોજ 7થી 8 કલાક અભ્યાસ કરતી હતી અને સાથે સરકારી પરીક્ષાઓ તથા UGC-NETની તૈયારી કરતી હતી. હવે ડિસેમ્બરમાં ફરી NET આપીશ. ભવિષ્યમાં MSUમાંથી ટેક્સેશનમાં PhD કરી અહીં જ પ્રોફેસર બનવાની ઈચ્છા છે. – **અલેફિયા ટીનવાલા,** ફેકલ્ટી ઓફ કોમર્સ

### શરૂઆતથી નિયમિત અભ્યાસ અને વિષયની સમજ સફળતાની ચાવી



"ફેકલ્ટી ઓફ લોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મને 4 ગોલ્ડ મેડલ મળ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે મેડલ મેળવવો મારા માટે ગૌરવની ક્ષણ છે. MSUના ડીન અને શિક્ષકોનો સતત સહયોગ તથા માર્ગદર્શન મળ્યું. અભ્યાસમાં કલાકો કરતાં વિષયને સારી રીતે સમજવો વધુ મહત્વનો છે. છેલ્લી ઘડીએ ગોખણપટ્ટી કરવાને બદલે શરૂઆતથી જ નિયમિત અભ્યાસ કરવો અને પરીક્ષામાં સ્પષ્ટ રીતે જવાબ લખવો જોઈએ.

– **પ્રિયા રાય,** ફેકલ્ટી ઓફ લો

### એન્જિનિયર બન્યો સંસ્કૃતનો વિદ્વાન,બે ગોલ્ડ મેડલ મેળવ્યા



વ્યાકરણ શાસ્ત્રમાં આચાર્ય એમ.એ.માં મને 2 ગોલ્ડ મેડલ મળ્યા છે. મારું મૂળ શિક્ષણ B.E. મિકેનિકલ છે, પરંતુ પાંડુરંગ શાસ્ત્રી આઠવલેની પ્રેરણાથી સંસ્કૃત અભ્યાસની ઈચ્છા થઈ. એન્જિનિયરિંગ બાદ સાત વર્ષ સંસ્કૃતનો અભ્યાસ કર્યો. અગાઉ શાસ્ત્રી B.A.માં પણ 2 ગોલ્ડ મેડલ મળ્યા હતા. પિતા અને મોટા ભાઈના સહયોગથી આ સફર શક્ય બની. હવે અંતરિયાળ ગામોમાં સંસ્કૃતનું શિક્ષણ પહોંચાડવાની ઈચ્છા છે." – **રોહિત સુનિલકુમાર**

## જર્મન ડોમમાં કૂલિંગ નિષ્ફળ, પદવીદાનમાં ગરમીથી વિદ્યાર્થીઓ-વાલીઓ પરેશાન



MSUના 75મા પદવીદાન સમારોહમાં લાખોના ખર્ચે ઉભા કરાયેલા જર્મન ડોમમાં કૂલિંગ વ્યવસ્થા અસરકારક ન રહેતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને મહેમાનો ગરમી-બફારાથી પરેશાન થયા હતા. ગાઉન પહેરેલા વિદ્યાર્થીઓની હાલત પણ કફોડી બની હતી. ભવ્ય આયોજન વચ્ચે મૂળભૂત કૂલિંગ સુવિધાના અભાવે તંત્ર સામે સવાલો ઉઠ્યા હતા.

## MSU કોન્વોકેશનમાં હાઇડ્રામા: પ્રોટોકોલે વીઆઇપી રો ખાલી કરાવી, ભાજપ પ્રમુખ અને કમિશનરને ઊભા કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.23

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પદવીદાન સમારોહ દરમિયાન પ્રોટોકોલ મુદ્દે અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. VIP ગેલેરીની પ્રથમ હરોળમાં બેઠેલા શહેર ભાજપ પ્રમુખ જયપ્રકાશ સોની સહિત પક્ષના કેટલાક હોદ્દેદારો, પ્રભારી તેમજ મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુને સુરક્ષા અને પ્રોટોકોલ ટીમે બેઠક પરથી ઊભા કરાવ્યા હતા.



મળતી માહિતી મુજબ, રાષ્ટ્રપતિની ઉપસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રથમ હરોળમાં બેઠક વ્યવસ્થા માટે વિશેષ પ્રોટોકોલ નક્કી કરાયો હતો. જોકે, કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં કેટલાક નેતાઓ અને અધિકારીઓ પ્રથમ હરોળમાં બેઠા હતા. બાદમાં રાષ્ટ્રપતિના સુરક્ષા સ્ટાફ તથા પ્રોટોકોલ અધિકારીઓએ નિયમો મુજબ પ્રથમ હરોળ ખાલી કરાવી હતી.

પ્રોટોકોલ ટીમના આદેશ બાદ ભાજપ પ્રમુખ સહિતના હોદ્દેદારો અને કમિશનરે બેઠક છોડવી પડી હતી. ઘટનાને પગલે યુનિવર્સિટી તથા રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ હતી. શૈક્ષણિક કાર્યક્રમમાં બેઠક વ્યવસ્થાને લઈને સર્જાયેલી આ સ્થિતિને કારણે પ્રોટોકોલના પાલન અંગે પણ સવાલો ઉઠ્યા હતા.

### આઈસીડીએસ વિભાગે પેમેન્ટ ન થયું હોવાનું કારણ આગળ ધર્યું

# તંત્રની ખેંચતાણમાં સાત દિવસથી આંગણવાડીઓમાં દૂધનો જથ્થો બંધ

**પાલિકાના** ચીફ એકાઉન્ટન્ટે વાતને નકારી કાઢી,રૂટિન પ્રક્રિયા ગણાવી



(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરની આંગણવાડીઓમાં ભણતા માસૂમ બાળકો છેલ્લા સાત દિવસથી પૌષ્ટિક દૂધથી વંચિત છે. તંત્રની બે શાખાઓ વચ્ચે ફાઈલોની ખેંચતાણમાં બાળકોનું પોષણ અટકી પડ્યું છે. એક તરફ આઈસીડીએસ વિભાગ પેમેન્ટ ન થયું હોવાનું કારણ આપી રહ્યો છે, તો બીજી તરફ પાલિકાની એકાઉન્ટ શાખા બધુ રૂટિન હોવાનો દાવો કરી રહી છે. પણ આ વિવાદમાં સૌથી વધુ હાલાકી નાના ભૂલકાઓને પડી રહી છે.

વડોદરા શહેરની આંગણવાડીઓમાં 17 મી તારીખથી દૂધનો સપ્લાય સાવ બંધ છે. જે દૂધ બાળકોના પોષણ માટે અપાય છે તે જ ન મળતા વાલીઓમાં પણ ભારે ચિંતા જોવા મળી રહી છે. આ મામલે આઈસીડીએસના સીડીપીઓ જાગૃતિબેન પટેલે જણાવ્યું કે, છેલ્લા છ દિવસથી દૂધ આવતું નથી. ગયા મહિનાનું પેમેન્ટ સપ્લાય એજન્સીને મળ્યું નથી એટલે એજન્સીએ સપ્લાય બંધ કરી દીધો છે. અમે ઉપર રજૂઆત કરી છે, પેમેન્ટ થશે એટલે સપ્લાય ચાલુ થશે. સામે પક્ષે વડોદરા મહાનગરપાલિકાના ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીએ આ વાતને નકારી છે. તેમણે કહ્યું કે, તેમની પાસે દૂધ બંધ અંગે કોઈ સત્તાવાર રજૂઆત જ આવી નથી. બિલનું ચુકવણું દર મહિને રૂટિન મુજબ થાય છે. છેલ્લું પેમેન્ટ 21 ઓગસ્ટે કર્યું હતું જે 16 મીએ હિસાબમાં આવ્યું. હાલ ફાઈલ ઓડિટ શાખામાં મંજૂરી માટે છે. ઓડિટમાં પાંચ છ દિવસ લાગે છે. મંજૂરી મળતા જ પ્રાયોરિટીથી ચુકવણું કરીશું. જૂન-જુલાઈમાં પણ પેમેન્ટ થયું છે. એજન્સીએ પણ કોઈ રજૂઆત કરી નથી. એક બાજુ પેમેન્ટનો દાવો અને બીજી બાજુ રૂટિન પ્રક્રિયાની વાત વચ્ચે સાત દિવસથી બાળકો દૂધ વગર જ ઘરે પરત ફરી રહ્યા છે.

### પ્રતિસ્પર્ધીનો ધંધો બંધ કરાવવા બુટલેગરો જ એજન્સીઓને બાતમી આપતા હોવાની ચર્ચા

# વડોદરામાં દારૂના ધંધામાં વર્ચસ્વની લડાઈ બુટલેગરોના બે જૂથ વચ્ચે ગેંગવોરના એંધાણ

**એજન્સીઓ** દ્વારા ઉપરાછાપરી દરોડા પાડવામાં આવતા દારૂના બુટલેગરો ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેર અને જિલ્લામાં દારૂના ગેરકાયદે ધંધા સાથે સંકળાયેલા બુટલેગરો બેફામ બન્યા હોવાની ચર્ચા વચ્ચે હવે તેમના આંતરિક વર્ચસ્વની લડાઈ પણ સામે આવી રહી છે. રાજ્ય બહારથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મંગાવી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્ટોક કર્યા બાદ બુટલેગરો દ્વારા માણસો મારફતે દારૂનું વેચાણ કરાવવામાં આવતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારની હદને લઈને દારૂના ધંધામાં સંકળાયેલા તત્વોમાં બે જૂથ ઊભાં થયા હોવાની ચર્ચા છે. બંને જૂથ વચ્ચે વર્ચસ્વની લડાઈને પગલે આગામી દિવસોમાં ટકરાવની સ્થિતિ ઊભી થાય તેવી શક્યતા અંગે પણ પોલીસ તંત્રમાં ચિંતા જોવા મળી રહી છે.

ચર્ચા એવી પણ છે કે કેટલાક બુટલેગરો પોતાના પ્રતિસ્પર્ધીનો દારૂનો ધંધો પાડી દેવા માટે પોલીસ અથવા અન્ય એજન્સીઓને જ બાતમી આપી તેમના અડ્ડા પર દરોડા પડાવી રહ્યા છે. જેના પગલે તાજેતરમાં જ કેટલાક લિસ્ટેડ બુટલેગરોના અડ્ડાઓ પર એજન્સીઓ દ્વારા ઉપરાછાપરી દરોડા પાડવામાં આવ્યા છે. દારૂના ગેરકાયદે વેપારમાં ચાલતી આ આંતરિક ખેંચતાણ હવે ક્યાં સુધી પહોંચે છે તેના પર પોલીસની નજર રહેશે.

### બે અલગ અલગ દરોડામાં ૬૬ પેટી દારૂ સહિત રૂ.૨૭.૪૩ લાખનો મુદ્દામાલ કબજે

# ગોરવા અને લક્ષ્મીપુરામાં SMCનો સપાટો, રૂ.૧૬ લાખનો દારૂ જથ્થો ઝડપાયો

**એક શખ્સની** ધરપકડ, બુટલેગર સહિત 10 આરોપી વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં ગણેશ વિસર્જન પૂર્વે દારૂની ગેરકાયદે હેરાફેરી સામે સ્ટેટ મોનીટરીંગ સેલે બે સ્થળે દરોડા પાડી મોટી કાર્યવાહી કરી છે. ગોરવા-લક્ષ્મીપુરા રોડ અને લક્ષ્મીપુરા-સમતા વિસ્તારમાં કરાયેલી અલગ-અલગ કાર્યવાહીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂ-બીયરની 2786 બોટલ, કાર સહિત રૂ.27.43 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. બંને કાર્યવાહીમાં કુલ 11 આરોપીઓ સામે ગુનો નોંધાયો છે, જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે જ્યારે 10 આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.



સ્ટેટ મોનીટરીંગ સેલને ગુજરાતમાં ચાલતી ગેરકાયદેસર દારૂ-જુગારની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવાની સૂચના મળતાં ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

SMCના PI બી.એચ. રાઠોડની ટીમે ગોરવા લક્ષ્મીપુરા રોડ પર નિત્યાનંદ સોસાયટીમાં દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂ-બીયરની આશરે 2380 બોટલ, રૂ.11.35 લાખનો દારૂ તથા ત્રણ વાહનો મળી રૂ.22.35 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં રોહિત કઠેરીયા સહિત દારૂ ભરેલા ત્રણ વાહનોના માલિકો અને દારૂનો જથ્થો મોકલનાર મળી પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

બીજી તરફ PI એમ.કે. માલવિયાની ટીમે લક્ષ્મીપુરામાં દ્વારકાધીશ પાન એન્ડ કોલ્ડ્રિંક્સ પાસે તથા સમતાની વ્રજભૂમિ સોસાયટીમાં દરોડા પાડ્યા હતા. અહીંથી આશરે 406 બોટલ, રૂ.4.68 લાખનો દારૂ, એક વાહન, બે મોબાઈલ અને રોકડ મળી રૂ.5.07 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. પોલીસે જીતેન્દ્ર કલેશ્વર પટેલને ઝડપી લીધો છે, જ્યારે રોહિત કઠેરીયા, સાગર રબારી, લલીત, રાજ કઠેરીયા અને દારૂનો જથ્થો મોકલનાર મળી પાંચને વોન્ટેડ જાહેર કરાયા છે.ગોરવા અને લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલો મુદ્દા મળશું આપવામાં આવ્યો છે.

# પંડ્યા બ્રિજ નીચે આરોગ્ય વિભાગનો સપાટો, બે દુકાનો બંધ કરાવી



**લાયસન્સ** વગર ધંધો કરતા બે એકમો સામે કાર્યવાહી; અસ્વચ્છતા બદલ શ્રી રામેશ્વરમ ઇડલીને રૂ.10 હજારનો દંડ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખાદ્યપદાર્થોના વિક્રેતાઓ સામે આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી શરૂ કરી છે. ઝુંબેશના ભાગરૂપે આરોગ્ય વિભાગની ટીમે પંડ્યા બ્રિજ નીચે આવેલા ખાણી-પીણીના વેપારી એકમો પર અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું.

ટીમે લારીઓ, પાનના ગલ્લા અને પ્રોવિઝન સ્ટોર્સ સહિત ત્રણ એકમોની તપાસ કરી હતી. જેમાં બે દુકાનો માન્ય રજિસ્ટ્રેશન કે ફૂડ લાયસન્સ વગર ધમધમતી હોવાનું જણાયું હતું. લાયસન્સ વગર ખાદ્યપદાર્થોનું વેચાણ થતું હોવાથી બંને દુકાનોને તાત્કાલિક બંધ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત 'શ્રી રામેશ્વરમ ઈડલી'માં તપાસ દરમિયાન ખાદ્યપદાર્થો બનાવવાની જગ્યાએ અસ્વચ્છતા અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન મળી આવ્યું હતું. પરિણામે ફૂડ સેફ્ટી એક્ટના શિડ્યુલ-4 હેઠળ કાર્યવાહી કરી સંચાલકોને સ્થળ પર જ રૂ.10 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### GPCBની બેવડી નીતિ : નંદેસરી, સાવલી, ટુંડાવ અને સમલાયામાં પાણી લાલચોળ થવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં

# વડોદરા એસિડિક કેમિકલ વેસ્ટ ઠાલવવાનું કૌભાંડ LCBએ રૂ.૧૦.૧૩ લાખના મુદ્દામાલ સાથે 3ને પકડ્યા

**RTIમાં** પણ માહિતી છુપાવી બેદરકારી પર પડદો પાડવાનો પ્રયાસ

**નાની** માછલીઓ પર કાર્યવાહી અને મોટા કારખાનાઓ સામે તંત્રના મોં સીવાઈ જતાં હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

વડોદરા શહેર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કેમિકલયુક્ત ઝેરી અને એસિડિક કચરો ખુલ્લામાં ઠાલવી પર્યાવરણ અને ભૂગર્ભ જળને ઝેરથી ભરી દેવાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવાનું નામ લેતી નથી. વડોદરા શહેર એલસીબી ઝોન-૩ ની ટીમે નેશનલ હાઈવે નંબર-૮ નજીક દરોડો પાડી ખુલ્લામાં એસિડિક વેસ્ટ ઠાલવતા ત્રણ ઈસમોને કેમિકલ ભરેલા ટેન્કર સહિત રૂ. ૧૦.૧૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. જોકે, આ કાર્યવાહી વચ્ચે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ની રહસ્યમય નિષ્ક્રિયતા અને બેવડી નીતિ સામે સ્થાનિક રહીશો અને પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

ગત ૧૭ ઓગસ્ટના રોજ એલસીબી ઝોન-૩ ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, મકરપુરા ક્રિશ્ચિયન કબ્રસ્તાન સામે, નેશનલ હાઈવે-૮ નજીક આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ટેન્કર મારફતે ગેરકાયદેસર રીતે ઔદ્યોગિક કેમિકલયુક્ત પ્રવાહી ઠાલવવાના છે. પોલીસે જીપીસીબીના અધિકારીઓને સાથે રાખીને દરોડો પાડતા રાજેશ ભુરસિંગ પારગી, ઈન્દ્રજીત ઈકબાલસિંગ સરદાર અને મેઘા સિંધા ભરવાડ નામના ત્રણ ઈસમો ટેન્કરમાંથી ખુલ્લામાં કેમિકલ છોડતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ટેન્કર, બે કારબા અને મોબાઈલ સહિત રૂ. ૧૦,૧૩,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં પર્યાવરણ સુરક્ષા અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે. જીપીસીબીના લેબોરેટરી રિપોર્ટમાં આ પ્રવાહી અત્યંત 'એસિડિક' હોવાનું સામે આવ્યું છે, જે જમીન, પાણી અને માનવજીવન માટે અત્યંત જોખમી છે.

એક તરફ પોલીસ ટેન્કર પકડીને સંતોષ માને છે, ત્યારે બીજી તરફ જીપીસીબીની ભૂમિકા શંકાના ઘેરામાં આવી છે. વડોદરાના નંદેસરી, સાવલી, ટુંડાવ અને સમલાયા જેવા વિસ્તારોમાં દૂષિત કેમિકલ વેસ્ટના કારણે સીમ અને ગામડાંના કૂવાઓનું પાણી લાલચોળ થઈ ગયું હોવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા ઓનલાઈન, લેખિત તેમજ મૌખિક રૂપે વારંવાર ફરિયાદો કરવા છતાં જીપીસીબી દ્વારા મોટી કેમિકલ કંપનીઓ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

ગ્રામજનોનો આરોપ છે કે જીપીસીબી વર્ષોથી કેમિકલ કંપનીઓ સામે આંખ આડા કાન કરી રહી છે અને માત્ર 'દેખાડા પૂરતી' જ કાર્યવાહી કરે છે.

#### કંપની માલિકો સુધી તપાસ લંબાવાશે?

કપૂરાઈ પોલીસે ઝડપાયેલા ત્રણેય આરોપીઓ અગાઉ કેટલી વાર આવું ઝેર ઠાલવી ચૂક્યા છે તેની તપાસ શરૂ કરી છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે આ એસિડિક કેમિકલ કઈ મિલ કે કેમિકલ ફેક્ટરીમાંથી લાવવામાં આવ્યું હતું? શું જીપીસીબી અને પોલીસ આ ઝેરી રસાયણ બનાવનાર અસલી કંપની માલિકો સુધી પહોંચવાની હિંમત બતાવશે કે પછી માત્ર ટેન્કરના ડ્રાઈવરોને જેલભેગા કરી સંતોષ માની લેશે? તે જોવું રહ્યું.

# સિંધરોટ બ્રિજ જર્જરિત થતા ભારે વાહનો પર પ્રતિબંધ

**તંત્રે** બેરીકેટિંગ કરી નાના વાહનોને જ મંજૂરી આપી



(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા નજીક ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સમગ્ર રાજ્યમાં જર્જરિત પુલોને લઈને તંત્ર દોડતું થયું હતું. તેવામાં વડોદરા જિલ્લા તંત્ર અને માર્ગ-મકાન વિભાગ દ્વારા જિલ્લાના બ્રિજોનું સેફ્ટી ઓડિટ શરૂ કરાયું છે. જેમાં વડોદરા અને આણંદને જોડતા મહી નદી પર આવેલો સિંધરોટ બ્રિજ અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં હોવાનું સામે આવતા તાત્કાલિક તેના પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવાયો છે.

મળતી માહિતી મુજબ ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બાદ તંત્રએ તમામ જૂના બ્રિજોની તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન સિંધરોટ બ્રિજના પિલ્લરો અને સ્લેબમાં મોટી તિરાડો જોવા મળી હતી. બ્રિજ કોઈપણ સમયે દુર્ઘટનાનું કારણ બની શકે તેમ હોવાથી અગમચેતીના ભાગરૂપે મોટો નિર્ણય લેવાયો છે. જિલ્લા કલેકટરના આદેશ બાદ તંત્ર દ્વારા બ્રિજના બંને છેડે બેરીકેટિંગ કરી દેવામાં આવ્યું છે અને ભારે વાહનોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. હાલ પુરતી માત્ર કાર, ટુ-વ્હીલર અને અન્ય નાના વાહનોને જ આ બ્રિજ પરથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે. ભારે વાહનોને ડાયવર્ટ કરી વૈકલ્પિક રૂટ પર મોકલવામાં આવી રહ્યા છે. જેના કારણે ટ્રક-ડમ્પર ચાલકોને લાંબો ફેરો કાપવો પડી રહ્યો છે. જો કે નાગરિકોની સલામતી સૌથી પહેલા હોવાથી લોકોએ પણ તંત્રના આ નિર્ણયને આવકાર્યો છે. આગામી દિવસોમાં આ બ્રિજના સમારકામ અથવા નવા બ્રિજ બનાવવા અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા છે.